ગુજરાત આનામાળા સીરીઝ ૭ મી.

ताराकी ज्योतमें चंद्र छूपे नहि, सूर्य छूपे नहि बादल छायो,
रण चढयो रजपूत छूपे नहि, दाता छूपे नहि मागन आयो;
चंचल नारिको नेन छूपे नहि, प्रित छूपे नहि पिठ दिखायो;
कवि गंग कहे सुनो शाह अकबर, कर्म छूपे नहि भमूत लगायो.

દેશસેવા અને ભક્તિ.

પ્રયોજક અને પ્રકાશક,
ગોર અંબાલાલ છગનલાલ. ન્હેરા.
શીકા (સ્ટેટ ઇડર-મહિકાંઠા.)

[સંસાર દર્શન વિનોદિની-કમલિની-રાણી દુર્ગાવતી, સવિતા સુશિલા-વિગેરેના કર્તા અને કેટલાંક માસીકોના લેખક.]

શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકલચંદ હરીલાલે છાપી.
ઠેકાણું. પાંચકુવા નવા દરવાજા-અમદાવાદ.

આવૃત્તિ ૨ જી. પ્રત ૧૦૦૦. સને ૧૯૧૯.

કિંમત } ગ્રાહકો માટે એક આનો.
છુટક નકલ દોઢ આનો.

વિનંતી પત્ર.

ગ્રાહકોને સાચી વાત જણાવવી એમાં કોઈ વાતનો પ્રતિબંધ નથી. આ આનામાળા સીરીઝમાં મુખ્ય બે ઉદ્દેશો સમાયલા છે. એક તો લેખકનું નિર્વાહ સાધન, બીજું જનસમાજના વર્ત્તનમાં કંઈક સદ્‌ભાવ ઉત્પન્ન કરવો.

સુજ્ઞ વાંચકો, હું લેખક તદ્દન બહેરો છું. તે આપ સર્વને વિદિત છે તેમજ ગુર્જર ભૂમિપર બહેરા લેખકોને મુખ્ય આધાર ઉદાર ગૃહસ્થો અને ઉત્સાહી ગ્રાહક બંધુઓ ઉપરજ છે, મારા જેવા બ્હેરા લેખકને અન્ય ગ્રાહકો વધારી આપવા મદદ કરવી તે આપ સુજ્ઞની ફરજ જ છે.

વિ. વાંચન અને તે કેવું હોવું જોઇએ, એ દરેક બંધુઓથી અજ્ઞાત્ નહિ હોય, છતાં આ આનામાળા સીરીઝો સારા લેખો ઉપરથી અનુવાદ કરી, જાતે લખી, છપાવી અને જાતેજ વેચું છું તેમજ આ વાર્તાઓ કેટલાંક પુસ્તકોના વાંચનની યાદગીરીમાંથી લખવામાં આવી છે. તો તેના મૂળ લેખકોનો પણ આભાર માનું છું.

દરેક વાંચક બંધુઓએ અન્ય ગ્રાહકો વધારી આપવા કૃપા કરવી. મારા બ્હેરા થયા બાદ મારા હિતચિંતકો તરફથી જે પ્રેમ-જીજ્ઞાસા દૃષ્ટિવૃત છે તે સદાને માટે ચાહું છું. સુજ્ઞ બંધુઓ આપ ગ્રાહક થઇ અન્ય ગ્રાહકો વધારી આપવા મહેરબાની કરશો.

વિજયા દશમી.
વડાગામ (મહિકાંઠા)

આપનો સ્નેહાધીન,
ગોર અંબાલાલ છગનલાલ.
શાકા (સ્ટેટ ઇડર–મહિકાંઠા.)

દેશસેવા.

જે સમયે અકબર બાદશાહે ચિતોડને ઘેરો ઘાલ્યો હતો તે સમયે શહેરના રજપૂતોએ એવો નિશ્ચય કર્યો હતો જે જ્યાં સુધી કીલ્લાની ભીંતનો એક પત્થર રહે ત્યાં સુધી મુસલમાનોને સ્વાધિન શહેર કરવું નહિ. આજે અકબરે બે વર્ષ સુધી લડાઈ ચલાવી છે. પણ ત્હેનું કાંઇ વળ્યું નથી. અને પોતાના દ્રઢ નિશ્ચય મુજબ તે ફાવી શકયો નથી. બીજાં રાજયો તો ત્હેને થોડી મહેનતે જીતાયાં હતાં પણ આ રાજ્ય જીતવું મુશ્કેલ હતું.

ચિતોડના મહારાજા જયમલ કિલ્લા ઉપર ચઢીને શત્રુનું ચલણ વલણ જોતા હતા, અત્યારે ત્હેમની સ્ત્રિ સાથે હતી, એની ઉમ્મર ઘણીજ થોડી હતી. તે સ્ત્રિ ઘણીજ લાવણ્યમયી-સુંદર અને સતિ સ્ત્રિ હતી. તેમ શૂરી પણ હતી. તે પોતાના પતિને કહેવા લાગી.

પ્રાણનાથ ? આ મ્લેચ્છ લોક આપણને જીતી શકશે. શું તમો એમ ધારો છો ? હું નક્કી કહી શકતો નથી. પણ અકબર ચતુર અને શુરો આદમી છે—" જયમલે જવાબ વાળ્યો, " સ્ત્રિ બોલી,—આ શહેરમાં શૂરા માણસો નથી એમ આપ કહી શકશો ? દેશ સેવાને માટે સૌ કોઇ માથું આપશે.

જયમલે કહ્યું;—મારાથી એમ પણ કેમ કહી શકાય ? પણ અકબરે આંજ સુધી જ્યાં જ્યાં ચઢાઇ કરી તે સર્વેનાં પરાભવ કરેલો છે, તેની સ્ત્રીએ કહ્યું, શું આ પહેલાં આપે પણ જય મેળ-

બ્યો નથી શું ? હા પ્રિયે ? " જયમલે દીનભાવથી જવાબ વાળ્યો. વળી આપણે પણ ઘણી વખત શત્રુઓને પાછે પગલે દોડાવ્યા છે, સ્ત્રિએ કહ્યું—અરે ? ત્હમે તો મ્લેછોને હાંકી કહાડવા નિરાશ થઈ બેઠા છો તમારૂં શુરત્વ ક્યાં ગયું ?

હે પ્રિયા. રજપૂત બચ્ચો કદી નિરાશ થાય નહિ. પણ મુસલમાનોનું સૈન્ય મોટું છે. તેમ આપણા ઘણા માણસો કપાઇ ગયા છે તેમ તેઓ મજબૂત માર પડયા સિવાય હઠે તેમ નથી. એ સાંભળી ત્હેની સ્ત્રિ બોલી.

પ્રાણનાથ આપ તો શત્રુઓની સ્તુતિ કરો છો. શું શહેરમાં એવી બહાદુર સ્ત્રિઓ નથી. જો સ્ત્રિઓ રણભૂમિપર આવી ઉભી રહે તો મુસલમાનોનાઃ શા ભાર ? ને ચિતોડમાં પ્રવેશ કરી શકે ? અમો સર્વે સતિ સ્ત્રિઓ અમારૂં શૂર અને ભૂજબળ બતાવીશું, શું આપને અમારાં શૂર વિશે શંકા છે. પ્રાણનાથ પ્રથમથીજ હું આપના શ્રમની ભાગીદાર થઇશ. આપને જશ અને કિર્તિ મળશે. એમાં હું ભાગ લઇશ.

આપ અમારાં સ્ત્રિ સૈન્યને લડયાની પરવાનગી આપો સ્ત્રિએ પોતાના પતિના સુખ દુઃખમાં વિભાગી બનવું એ પોતાનો ધર્મ છે. ન્યાય દ્રષ્ટિએ જોતાં એમાં કશી હરકત નથી, અને આપ જરૂર ફતેહ પામશોજ.

આ વેળાએ આખા ભરતખંડમાં અકબરના જેવો શૂરો અને નામાંકિત બીજો બાદશાહ કોઇ નહોતો, એ છતાં ચિતોડની શૂરી રાણી નિરાશ ન થતાં પતિને ઉત્તેજન આપતી હતી, ધૈય, એ

માણસનો એક મોટો ગુણ છે. ખરી વખતે તેનો યોગ્ય ઉપયોગ કરીએ તો વિજય પામ્યા સિવાય રહીશું નહિજ.

એજ રાણીને બે રૂપગુણ સંપન્ન કન્યાઓ હતી. તે વિવાહ યોગ્ય થઇ હતી. તેમાંની એક કન્યાનો જોડેના રાજ્યમાં લગ્ન કરવાનો વિચાર કર્યો હતો. તે રાજકુમાર પણ પોતાનું શૌર્ય બતાવવા અહિ આવ્યો હતો. અને ત્હેનું નામ પ્રતાપસિંહ હતું. તેના નામ પ્રમાણે ત્હેનામાં ગુણ હતા, અને પોતાની ભવિષ્યની સ્ત્રિના સ્વરૂપમાં તે મોહિત થઈ ગયો હતો, અને એની સાથે જલદી લગ્ન કરી દેવા વિચાર કર્યા કરતો હતો પ્રતાપસિંહ અધીરો થઇ, એકાંતમાં પોતાની સ્ત્રિને કહેવા લાગ્યો:—

હે પ્રિયા ? આ તારૂણ્ય અતિ મનોહર અને ઉપભોગ યોગ્ય છે. તે ઘણા દિવસ ટકી શકતું નથી. મારી ઇચ્છા એવી છે કે આપણાં લગ્ન જલદી કરી દેવાં જોઇએ. અહીં લડાઇની સુલેહ જલદી થઇ શકે એમ નહોતું એટલે સ્ત્રિએ કહ્યું;—

આપણા સંબંધનો નિશ્ચય થઈ ચુકયો છે, અને યોગ્ય વખતે તે સર્વે થઈ રહેશે. આપણા ઉપર એક જાતની આફત આવી છે એટલે આ સમયે એવો વિચાર કરવો દુરસ્ત નથી. આપ પોતે શૌર્યથી શત્રુઓને હાંકી ક્હાડી નિર્ભય થશો તો જરૂર સર્વ કંઇ થઇ રહેશે એ પછી પ્રતાપસિંહ બોલ્યો:—

આપણાં લગ્ન થયા પછી હું યુદ્ધમાં જઇશ નહિ તેમ હું શત્રુને મારૂં શૌર્ય બતાવીશ નહિ એમ શું તું સમજે છે તે સ્ત્રિએ જવાબ વાળ્યો. તે હું જાણું નહિ પરંતુ શૂરા પુરૂષની સાથે મારે લગ્ન કરવું એ પ્રતિજ્ઞા છે આપ બળવાન અને કિર્તિવંત છો એ ખરૂં

પણ ખરાં પ્રમાંણ મેં હજું જોયાં નથી. આ વખતે આપનું શુરત્વ બતાવવાનો આપને ઘણોજ સારો પ્રસંગ મળ્યો છે, અને એ પ્રમાણે બતાવી આપો એટલે બસ છે.

પ્રતાપસિંહ બોલ્યો કે—અરે પ્રીયા ? આ શી વાત બતાવ્યા પછીજ હું ત્હારા પ્રેમને યોગ્ય થઇ શકીશ. ત્હારી આવી વિચિત્ર સ્થિતી જોઇને હું ઘણોજ ખેદ પામું છું, એ સાંભળી સુંદરી બોલી,— સાધારણ માણુસોએ પણ કિર્તિ સ્વપરાક્રમથી મેળવેલી છે, અને તેવા માણુસો પણ આવા પ્રસંગે આનંદ માને છે.

પ્રતાપસિંહ બોલ્યો;—આપણાં લગ્ન થયા પછી હું જાતનો ખરો રજપૂત છું, અને મારા આ લૌકીકમાં તો મેં કશું કલંક લગાડયું નથી અને એવી હું તને ખચીત ખાત્રી આપીશ.

કુમારિકાએ કહ્યું—નહિ, નહિ, આપની ઇચ્છાને હું કદી આધીન થવાની નથી. આ જુલમી બાદશાહે—અન્યાયથીજ આપણા ઉપર સ્વારી કરી છે, તો તેને યોગ્ય બદલો આપવો. અહો પ્રાણપતિ આપના મનમાં જો જલદી લગ્ન કરી લેવાની ઇચ્છા હોય તો, આપ મ્લેચ્છ બાદશાહના હૃદયમાં ઊંડી કટાર મારી એકદન અહી આવો એટલે હું આપને પ્રેમથી ભેટીશ. પ્રેમાલીંગન આપીશ ને થાંક વિસરાવીશ, થોડીવાર હસીને વિચાર કરીને પ્રતાપસિંહ બોલ્યો.

શાબાશ સ્ત્રીં શાબાશ ત્હારા જેવી વિરશિરોમણી સ્ત્રીઓ હવે પછી થશે શું ? બસ હું જાઉં છું,

હાલના રજપૂત.

—સવૈયા—

રણમાં રંગ જરા નવ રાખે રંગ રાવણામાં દે રોજ,
મરદ છતાં રણમોજ ન માને મજરામાં માની લે મોજ,
રંગે ઉછળતું લોહી ન રાખે લોહી આંસુડાં રાખે લાજ,
ફરેરીકા ચહેરા લઇ ફોકટ અબળા સરખો કરી અવાજ. ૧
રણક્ષેત્રે લડવાને બદલે લણવા ખેતર અધ્યે જાય,
રાડ પડે રજપૂત રડીને ધાડ પડે ત્યા ઘરમાં ધાય;
મીયાનમાં તલવાર મળે નવ કાટ વળેલી દીસે કટાર,
અસ્ત્રશસ્ત્ર વિનાના આજે આર્ય પુત્રના શા આચાર. ૨
પલાણ નાખ્યા વિના પલાયણ કરે આજ રજપૂતો કોઇ,
કેફ કસુંબાથી બની કાયર રહે ખુણામાં છાના રોઇ;
ઘુવડ જેમ રવિ તેજ ઘણાથી સુનાં મકાનોમાં સંતાય,
તેમ યવન નૃપ તણા તાપથી ભય પામી ભૂપતિ ભરાય. ૩
જાદવનું જડમૂળ ગયું ને મકવાણા સહુ મરી ગયા,
સોળંકી, વાઘેલા સમરથ પરમારો પાતાળ ગયા;
રાઠોડો સહુ દીસે રઝળતા રાવળ જાણે રાંડીરાંડ,
ચહુવાણો તો વિણે ચિંથરાં મજુરી કરી જીવે છે માંડ. ૪
ગાદીપર હોક્કા ગગડાવા કલમ તજીને ચલમ ભરે,
તીર ઢાલ તરવાર તજીને કોશ પાવડે કામ કરે;
હય હાંકે કેમ હળ હાંકયામાં ઢાલ ધરે કે ચારે ઢોર
નબળા પાસે શિશ નમાવી અબળાનો સાંખે આકોર. ૫

જાર બાજરી તણું જાત્રળું અડવાળીને પેટ ભરે,
ટપલા ખાતાંવહી તગારાં કડીયા પાસે કામ કરે;
કમર બાંધીને કરે કાસદાં કમર બાંધી ક્યાં લડવા જાય,
વિરરસને બદલે બ્યંડળ રસ, ગાંઠે બાંધી ગરબા ગાય; ૬
જયવાળા રજપૂતો જાતાં ભયવાળા રજપૂતો ભળાય,
હામ દામને ધામ વગરના કાયર ને કંગાલ કળાય;
સિંહ બાળી નાંસે સો જોજન, તેવા શું તાણે તલવાર,
અપોચીયાને અતિ અશીણે દુર્બળ દેખાતા દરબાર. ૭

(સુબોધ પ્રકાશ-સને ૧૮૮૯.)

ભક્તિ.

સૂર્યવંશી ચિતોડના રાજાને મીરાંબાઈ નામની એક કન્યા હતી તે ઘણી રૂપવંતી અને ગુણવંતી હતી. બાળપણમાં એક દિવસ તે પોતાની માતાની સાથે દેવ દર્શન કરવાને જતી હતી. તે વખતે રસ્તામાં લગ્ન થયેલાં વરવહુની જાન જતી હતી. તેને જોઇ મીરાંબાઇએ પોતાની માતાને પૂછયું-કે આ ગરબડ શું છે ? અને આ પાલખીમાં કોણ બેઠું છે ત્યારે તેની માતાએ કહ્યું જે—

એ લગ્નની ધામધુમ છે, અને આ કન્યાનાં લગ્ન થયાં છે, અને તેનો પતિ તેને પોતાને ઘેર લઇ જાય છે ત્યારે મીરાંબાઇએ

કહ્યું કે માતાજી, મ્હારાં લગ્ન ક્યારે થશે અને મારો પતિ કોણ છે ? માતાએ ઉત્તર દીધો જે;–બેટી તારો વિવાહ જલદી થશે, અને તારો પતિ ગોપાળકૃષ્ણ છે; પછી મંદીરમાં જઇને ભગવાનની તરફ આંગળી કરી. સંબોધી માતા, મીરાંબાઇને કહેવા લાગી, અને હાસ્ય કરવા લાગી જે–મીરાં ? એ ગોપાળકૃષ્ણ ત્હારો પતિ છે. ત્યારે મીરાંબાઇને આ વાત પ્રિય લાગી, અને તે સ્યામસુંદીર મનોહર મૂર્તિને જોઈ ગોપાળકૃષ્ણની મૂર્તિ તેના મનમાં એવી ઠસી ગઇ કે

દરેક રમતમાં કેટલી એક મૂર્તિઓ બનાવી ત્હેની પૂંજા કરતી હતી અને ચરણોમાં પ્રણામ કરતી હતી. એની એવી બાળલીલાને જોઈ સર્વેને કૌતુક લાગ્યું. પછી કંઇ સમય બાદ જ્યારે લગ્ન પ્રસંગ આવી પહોંચ્યો–અને એ પછી રીતી અનુસાર વિવાહનો વ્યવહાર તો થઇ ગયો. પરંતુ જ્યારે સાસરે જવાનો વખત આવ્યો ત્યારે તો તેણીએ સ્પષ્ટ કહી દીધું જે " **मेरेपति गिरधर गोपाल दुसरे न कोइ** " શ્રી ગોપાળકૃષ્ણ સિવાય મારો પતિ બીજો કોઈ નથી. અને તેને છોડી હું ક્ષણભર પણ બીજે ક્યાંઇ નહિ જાઉં. ત્યારે માતા પિતાએ ગોપાળકૃષ્ણની મૂર્તિને સાથે આપી, અને જેમ તેમ સમજાવી સાસરે મોકલી–ત્યાં પહોંચતાંજ તેને બહારનો વાંધો ન પડે એટલાજ માટે તેને ત્યાંના (સાસરાના) ઇષ્ટદેવ " **कुह्याल मंगल** " ની ચરણ વંદના કરવાને કહ્યું; પરંતુ તેણીએ સ્પષ્ટ ઉત્તર દઇ દીધો જે–હું ગોપાલકૃષ્ણ સિવાય બીજા કોઈના ચરણમાં નહિ પડું. ત્યારે સાસુએ આંખ ટેડી કરીને કહ્યું જે, આ વહુ બડીને પક્કી છે. તેને તો અહીં નભવાનાં લક્ષણ જણાતાં નથી. પછી જ્યારે તે તરૂણ થઇ ત્યારે તો સંસારમાં ત્હેનું જરા પણ ચીત લાગતું નહતું અને

તે લૌકિક રીતીને અનુસાર પોતાના પતિથી વર્તતી નહિ હતી. એ જોઇ એને ઘણીજ રીતે ધમકાવી. સાસુ સસરાએ તેણીને ગોપાળ-કૃષ્ણના મંદીરમાં રાખી દીધી અને પોતાના પુત્રનો બીજે વિવાહ કરી દીધો, અહીં મીરાંબાંઈ ગોપાળકૃષ્ણની પૂરે પૂરી સેવા કરવા લાગી. ત્યારે કોઈ કુટીલ પુરૂષોએ "આ કોઇ સાધુસંત આદી, પર-પુરૂષોથી સહવાસ રાખે છે" અને એ વાત આપણા રજપૂત કૂળને કલંક લગાડવા વાળી છે એવું તેના સસરા સાસુના ચિત્તમાં ભરાવી દીધું અને ચારે બાજુએથી કોઇ ન આવી શકે તેમ પહેરો બેસાડી દીધો છે. અને તેના સસરાએ વિષનો કટોરો તૈયાર કરી તેને ભગવાનના ચરણામૃતના રૂપમાં બનાવી દીધું. અને મીરાંબાઇને પાવાનો વિચાર કરી દીધો. રાજાની આજ્ઞાથી તેની નણંદ વિષનો કટોરો (પ્યાલો) લઇને ભાભીની પાસે ગઇ અને ચરણામૃત બનાવેલો કટોરો મીરાંબાઇની સામે ધરતાં તેણીને દયા આવી કે,—હું નિષ્કારણજ તેના પ્રાણ લઉં છું, એ સારૂં નથી છેવટે તેણીથી રહેવાયું નહિ અને સર્વ સમાચાર સત્ય સત્ય મીરાંને કહી દીધા, અને કહ્યું કે આ વિષને તું પીતી નહિં. ત્યારે મીરાંબાઇએ કહ્યું જે,—શ્રીગોપાળકૃષ્ણનું ચરણામૃત છે, અને યમુનાના કુંડમાં કાળીનાગની ફેણ ઉપર નાચવાવાળા શ્રીસ્યામ સુંદીર પ્રભુની મૂર્તિ મને એમાં દેખાય છે, હવે હું અવશ્ય ત્હેને પી જઇશ તમે ભય ન રાખો, એવું કહીને તે વિષનો કટોરો મીરાંબાઇએ ગટગટ કરીને પી લીધો પ્રભુની પૂર્ણ કૃપા થતાં, વિષનો વાંધો કેવી રીતે આવી શકે ? પછી તે વિષ અમૃત થઈ ગયું—

-રણામૃત कही बिष दियो,—भयो सुमंल मूल

નણંદ તો ઘેર ચાલી ગઇને અહીં મીરાંબાઈ ભક્તિરસમાં

આવતાં પ્રભુ પ્રાર્થના કરવા લાગી કે, હે ભગવાન્ ભક્તના પ્રેમની સાથે પોકારવાથી આપ દોડી આવો છો; ભક્ત એ આપનો પ્રાણ છે અને પછી મેં તો બાલપણમાંથીજ આપને મનમાં વરી લીધા છે તથા રોજ પોકારૂં છું. તથાપિ એક દિવસ પણ મને આપનાં દર્શન નથી થતાં, તેનાથી નિઃસંદેહ હું પાપીણી છું. હવે જો આપ દર્શન નહિ આપો તો આ શરીરને નહિ રાખું, વિષ પીધું છે, હવે એનાથી જો મારો પ્રાણ નીકળી ગયો તો ઘણુંજ સારૂં છે. કેમકે જલદી આપના ચરણોમાં પહોંચી જઇશ એવી પ્રાર્થના સાંભળીને પ્રભુને દયા આવી અને તેના ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથી શ્યામ સુંદરરૂપ ધારણ કરીને, રાત્રિના વખતે મીરાંબાઇની ઇચ્છાનુસાર પ્રત્યક્ષ દર્શન આપવા લાગ્યા તેની સાથે સોગટાં (ચોપાટબાજી) રમવાનો પ્રારંભ કરી દીધો અને દરરોજ એવીજ રીતે કરવા લાગ્યા ત્યારે મીરાંબાઇને અસીમ આનંદ પ્રાપ્ત થયો.

એક દિવસ બંને જણ સોગટાં રમતાં હતાં અને એ ખેલની ગડબડમાં પહેરાવાળાના કાનમાં એ શબ્દ પડી ગયો અને તેના હૃદયમાં ધડક બેસી ગઈ તેણે વિચાર્યું જે હવે મારી નોકરી જવામાં સંદેહ નથી, આવી અંધારી રાત્રે ચારે બાજુએ પાકો બંદોબસ્ત છે છતાં, બીજો પુરૂષ કેવી રીતે પેસી ગયો પછી તેણે બહારની ફાટમાંથી ઝીણી દૃષ્ટિએ જોયું તો ત્યાં પુરૂષ તો કોઇ નહિ દેખ્યો, પરંતુ છ, ત્રણ, નવ, પંદર, કાચાબાર એવા પ્રકારનો પુરૂષનો શબ્દ સાંભળવામાં આવતો હતો. આ હકીકત જોઇને પહેરેદાર ભોઠો પડી ગયો અને તેનો કંઇપણ નિશ્ચય કરી શક્યો નહિ, છેવટે તેણે વિચાર કર્યો જે કંઇપણ હોય છતાં આ સમાચાર રાજાને પહોંચાડવાં જોઇએ

પ્રાતઃકાલમાં સમાચાર પહોંચતાંજ રાજા અત્યંત ક્રોધાયમાન થઇ અને તે રાત્રે હાથમાં તલવાર લઈ મંદીરમાં આવ્યો, અને એકદમ જોરથી દરવાજો ખોલી ત્યાં મીરાંબાઇ અને બીજો કોઇ પુરૂષ છે એવું જોઇ, એ બન્ને ઉપર તલવાર ખેચીને દોડયો. એ વખતે શ્રી ગોપાલકૃષ્ણ ઉઠીને ભાગી ગયો; પણ દોડતાં દોડતાં મીરાંબાઇએ તેની કમરમાં વળગી પડતાં કહ્યું જે હવે આ વખતે મને છોડીને ક્યાં જશો ?" એવો વિલાપ કરતી હતી. પણ ગોપાલકૃષ્ણની મૂર્તિમાં લીન થઈ ગયાં. પ્રવેશ કરતાં કરતાં મીરાંબાઇની સાડીનો ચોડોએક ટુકડો જેમતેમ બહાર રહી ગયો રાજા ભાંઠો પડી ગયો ને અહીં તહીં જોવા લાગ્યો. પરંતુ ત્યાં પુરૂષ અથવા સ્ત્રી કાંઇપણ જોયું નહિ એ કારણથી મૂર્તિ આગળ જઇને જોવા લાગ્યો તો એક સાડીનો ટુકડો બહાર દેખ્યો તેનાથી તો તે પણ આશ્ચર્યમાં પડી ગયો તથા કહેવા લાગ્યો કે આ તે મ્હને સ્વપ્ન આવે છે કે હું ચીતભ્રમ થઈ ગયો છું. મીરાંબાઇનો ક્યાંઈ પત્તો નથી કેવળ મૂર્તિજ જોવામાં આવે છે, અને તેનાથી પણ સાડીનો પાલવ બહાર દેખાઇ રહ્યો છે. એવા પ્રકારે તે ઘણાજ વિચારમાં પડી ગયો અને કહેવા લાગ્યો કે અહીં ફક્ત સાડીજ છે. અથવા સ્ત્રિજ છે સાડી પણ પુરી તો નથીજ માત્ર કીનારીજ જણાય છે. જ્યારે રાજા એવા પ્રકારે ભ્રાન્તિમાં પડયો ત્યારે તેને આકાશવાણી થઇ કે, આ ત્હારી પુત્ર વધુ, ભક્ત શિરોમણી, પરમ પવિત્ર અને બંન્ને કુળને તારવા વાળી હતી. એ હવે ગોપાળકૃષ્ણમાં સમાઇ ગઇ છે એવો શબ્દ સાંભળી રાજા જ્યાં ત્યાં નિશ્ચેષ્ટ થઇ ગયો અને ઘણોજ દુઃખી થવા લાગ્યો, અને હું કેવો અધમ છું, કેવો પાપી છું. કેવાં ઘોર

કર્મમાં પ્રવર્ત થયો. એવો પશ્ચાતાપ કરીને તે તલવાર પોતાના પેટમાં ભોંકવા લાગ્યો એટલામાંજ ત્હેના ઉપર પણ અનુગ્રહ કરવાની ઇચ્છાથી શ્રીકૃષ્ણજીએ પોતાનું રૂપ પ્રગટ કરી તેના હાથ પકડી લીધા અને ત્હેને પણ કૃતાર્થ કર્યો, કેમકે એ રાજા પણ ગાડો પ્રેમી ભક્ત હતો. એ કારણથીજ તેને દર્શન થયાં હતાં, ફક્ત બીજાઓના કહેવાથીજ એ અઘોર કર્મમાં પ્રવર્ત્ત થયો હતો. મીરાંબાઇની પ્રેમ ભક્તિ, એવી હતી તેથી રાજાને પણ પશ્ચાતાપ થયો હતો. સાર એ છે જે, શ્રીકૃષ્ણ ભગવાન એમ કહે છે જે—

ये यथामां प्रपद्यन्ते, तांस्तथैव भजाम्यहम्

જેવી રીતે મને કોઇ ભજે છે તેવી રીતે હું તેના મનોરથ પૂર્ણ કરૂં છું. અસ્તુ.

મીરાંબાઇની પ્રેમભક્તિનાં

—ભજનો—

ગોવિંદો પ્રાણ હમારોરે મને જગ લાગત ખારોરે;
મને મારો રામજી ભાવેરે બીજો મારી નજરે ન આવેરે.
ગોવિંદો. ૧

મીરાંબાઇના મહેલમાંરે હરિ સંતનકો વાસ;
કપટીથી હરિ દુર વસેરે—મારાં સંતન કેરે પાસ.
ગોવિંદો. ૩

રાણાજી કાગળ મોકલેરે દેજો મીરાંને હાથ;

સાધુની સંગત છોડી ઘો તમે રાખો દુનિયાની લાજ;
ગોવિંદો. ૩

મીરાંબાઇ કાગળ મોકલેરે દેજો રાણાજીને હાથ;
સાધુની સંગત ક્યહીન છોડું નહિ રહુ તમારી પાસ.
ગોવિંદો. ૪

વિષનો પ્યાલો રાણે મોકલ્યો દેજો મીરાંને હાથ;
અમૃત કરી પી ગયાં જેનો હરિએ ઝાલ્યો હાથ.
ગોવિંદો. ૫

સાંઢવાળા સાંઢ સણુગારજે—જાવું સો સો કોસ;
રાણાજીના દેશમાં એ જળરે પીવાનો દોશ.
ગોવિંદો. ૬

ડાબો મેલ્યો મેવાડને મીરાં ગઈ પૂર્વની માંય;
સર્વ છોડી મીરાં નિસર્યાં જેનું મનડું ન માયાની માંય.
ગોવિંદો. ૭

સાસુ હમારી સુલક્ષણારે સસરો પ્રેમ સંતોષ;
જેઠ જુગોજુગ જીવજો મારો નાવલીયો નિર્દોશ.
ગોવિંદો. ૮

ચૂંદડી ઓઢું ત્યારે રંગ ચૂવેરે, રંગ સો રંગી હોય;
હું ઓઢું કાળો કામળો દુજો ડાઘ ન લાગે કોય.
ગોવિંદો. ૯

મીરાં હરિની લાડણી રહેતી સંત હજુર;
સાધુ જનથા દિલ વસ્યું પેલા કપટી જનથી દૂર.
ગોવિંદો. ૧૦

ભજન બીજું.

મોહન લાગત પ્યારો, રાણાજી મને મોહન લાગત પ્યારો
જાકી કલામેં હાલત ચાલત, બોલત પ્રાણ આધારો
તાકી માયામેં સબજુગ ભૂલ્યા એહી પૂરૂષ હેં ન્યારો.
રાણાજી. ૧
તમ કહેતે અર્ધાંગા હમારી, અમ શું લગાયો અકારો
ચૌદ ભોવનમેં વ્યાપિ રહ્યો હેં, સો નિધીવર હમારો.
રાણાજી. ૨
તુમહી જૂઠે, અમહી જૂઠે, ને જૂઠો તે રાજ પસારો
નારી પુરૂષકો સંબંધ જૂઠો, ફુટ્યો હે હૈયો તહમારો.
રાણાજી. ૩
સાળું, પિતાંમ્બર મોતનકી માળા, લઈ લઈ અગનમેં ડારો
છાપાં તિલક તુલસીની માળા સાધુ સંગત નીસતારો.
રાણાજી. ૪
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણુ ચરણુકો બીરદ સંભારો
જે જે દીન મેં તો હરિવીણુ ખોયા ધીક એ મનુષ્ય જન્મારો.
રાણાજી. ૫

સમાપ્ત.

કાંનમાં ભુંગળું કેમ મુચ્યું છે.

પટેલ સ્ટેશન પરથી ઉતર્યા કે—પ્રીંસુ ઉતરીને ઝપાટામાં મારી રીચીરોડ તરફ દોડયા ત્યાં એક કૌતક થતુ હતું. તે જોવાને ઉભા રહ્યા. એ લાવ !—એ લાવ ?—"સ્વદેશી સ્ટોરના દરવાને ટેલીફોન કર્યો." પટેલે પૂછ્યું;—આ હું કરોછો ? ને ભૂંગળું કાંનમાં કેમ મૂચ્યું છે ! યુ—ઢેમ—ફુલ —ટેલીફોનના વાત થાય છે. "સ્ટોરકીપરે દમભરાવ્યો." હેની વાત કરો છો ? " પટેલે પૂછ્યું."

એક બ્હેરા લેખકે—**બિનોદિની અને કમલિની**—નામની ચોપડી લખી છે. તે શેઠે મંગાવી છે. ચોપડી બહુજ સરસ છે. સામાજીક—નવલકથા છે. શૃંગારરસથી પરિપૂર્ણ છે. અને વાંચન ઉત્તમ છે.

પટેલે પૂછ્યું:—કિંમ્મત હુંસે ! ૦—૧૦—૦ દસ આના "સ્ટોકીપરે રોફ માર્યો."

આટલી પ્રસ્તાવ પછી તો પટેલ દીગમૂઢ થઈ ગયા—અને મનમાં ને મનમાં કહેવા લાગ્યા. મારી હાહુંનું શહેરમાં તો હું કૌતક થાય છે ? ભૂંગળામાં વાત થાય છે. ને બ્હેરાઓ ચોપડી લખે છે. અરે બા ? શહેર તો બહુ જબરૂ. ચાલ—જીવ—માંણેકચોકમાં એમ કહી પટેલે પગ ઉપાડયો કે—એક જણ પટેલના હાથમાં કાંઈક મૂકી ચાલતો થયો. તેમાં એમ લખેલુ હતું જે;—